# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેલો ભારત નીતિ રાજ્યના પ્રયાસને નવું બળ આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.**
2. **ગાંધીનગરની નભોઈ નહેરમાં કાર ખાબકતા ત્રણ લોકોના મોત.**
3. **રાજ્યમાં ભારે વરસાદની કોઈ પણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા NDRF અને SDRFની 32 ટીમ તહેનાત.**
4. **રાજ્યમાં જૂન મહિનામાં GSTની આવકમાં 11 ટકા જેટલો વધારો.**
5. **કચ્છમાં રમાતી મહિલા નેશનલ હેન્ડબોલ સ્પર્ધાના બીજા રાઉન્ડમાં ગુજરાત સહિત આઠ રાજ્યની ટીમે આગેકૂચ કરી.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# KHELO BHARAT NITI

કેન્દ્રીય મંત્રીમંડળે ગઈકાલે "ખેલો ભારત નીતિ 2025 "ને મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં આ નીતિની પ્રશંસા કરતાં કહ્યું, ભારતને રમતગમત ક્ષેત્રમાં વિશ્વના ટૉચના પાંચ દેશમાં સ્થાન અપાવવાના લક્ષ્યની સાથેની આ નીતિ અંતર્ગત દેશમાં રમતગમતને જન-અભિયાન બનાવવાની દિશામાં કામ થશે.

શ્રી પટેલે ઉમેર્યું, ઑલિમ્પિક 2036ને લઈ વિશ્વ કક્ષાનું માળખું અને તાલીમની વ્યૂહરચના પણ તૈયાર કરાશે. રાજ્યમાં સશક્ત રમતગમત માળખાનો વિકાસ થઈ રહ્યો છે અને રાજ્ય ઑલિમ્પિક 2036ની યજમાનીની તૈયારી કરી રહ્યું છે.

ખેલો ભારત નીતિ રાજ્યના આ પ્રયાસને નવું બળ આપશે અને દેશને વિશ્વના રમતગમત ક્ષેત્રમાં આગળ બનાવવાની દિશામાં ગુજરાત પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપશે તેવો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

---

# OIC MEETING

એક ઉચ્ચ સ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળે ગઇકાલે ઓલિમ્પિક રાજધાની લુઝાનની પરિણામલક્ષી મુલાકાત પૂર્ણ કરી . રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ભારતીય ઓલિમ્પિક સંગઠન- IOAનાં પ્રમુખ પી.ટી. ઉષાના નેતૃત્વવાળા ભારતીય પ્રતિનિધિમંડળે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની આ બેઠકમાં ભારત દ્વારા ઓલિમ્પિક અને પેરાલિમ્પિક રમતોના ભાવિ સંસ્કરણના આયોજન કરવાની તક અને શક્યતાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

**IOA** તેમજ યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં યાજાયેલી બેઠકમાં અમદાવાદમાં ભાવિ ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા તેમના વિઝનને સ્પષ્ટ કરવા એક મહત્વ નું મંચ પૂરૂં પાડતા પાસાઓની પણ ચર્ચા કરવામાં આવી.

---

## GANDHINAGAR CAR ACCIDENT

ગાંધીનગરની નભોઈ નહેરમાં કાર ખાબકતા ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, કારમાં ચાર લોકો સવાર હતા. કાર નહેરમાં પડી હોવાની જાણ થતાં અગ્નિશમન દળે ઘટનાસ્થળે પહોંચી કારને બહાર કાઢી. દરમિયાન બે યુવક અને એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના નાયબ પોલીસ અધિક્ષક ડી. ટી. ગોહિલે આ અંગે માહિતી આપી.

## (બાઈટઃ- ડી.ટી.ગોહિલ, નાયબ પોલીસ અધિક્ષક)

---

## WEATHER WATCH MEETING

ગાંધીનગરમાં સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટર- **S.E.O.C.** ખાતે ગઈકાલે રાહત કમિશનર આલોકકુમાર પાંડેની અધ્યક્ષતામાં વેધર વૉચ ગૃપની બેઠક

યોજાઈ, જેમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે સંબંધિત વિભાગની તૈયારીની સમીક્ષા કરવામાં આવી.

હવામાન વિભાગના અધિકારીએ કહ્યું, આગામી સપ્તાહમાં રાજ્યના વિવિધ વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. આ સંદર્ભે સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરી સંભવિત જોખમ સામે સાવચેત રહેવા પણ તેમણે જણાવ્યું.

જ્યારે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – **NDRF**ના અધિકારીએ જણાવ્યું , રાજ્યમાં ભારે વરસાદની કોઈ પણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા **NDRF** અને **SDRF**ની કુલ 32 ટીમ જિલ્લાકક્ષાએ તહેનાત કરવામાં આવી છે. ઉપરાંત 2 ટીમ ખડેપગે છે.

---

# TAPI DHODH

તાપીના તમામ તાલુકામાં સતત વરસાદથી જનજીવન અસરગ્રસ્ત થયું છે. કુકરમુંડા ગામથી દસ કિલોમીટરનાં અંતરે સાતપુડાની ગિરિમાળામાં આવેલો વાલ્હેરી ધોધનો નયનરમ્ય નજારો માણવા લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.

# (VOICE CAST NIRAV KANSARA)

---

# WEATHER

રાજ્યમાં આજે સવારે ચાર વાગ્યા સુધીમાં 80 તાલુકામાં વરસાદ નોંધાયો. સત્તાવાર યાદી મુજબ, સૌથી વધુ ચાર ઈંચ જેટલો વરસાદ વલસાડના કપરાડામાં વરસ્યો. જ્યારે ડાંગના સુબિર , વલસાડના ઉમરગામ , પારડી અને વાપી , નવસારીના ખેરગામ, તાપીના ડોલવણ, વલસાડના ધરમપુર, તાપીના કુકરમુન્ડા, સાબરકાંઠાના વિજયનગરમાં એકથી બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો.

દરમિયાન રાજ્યમાં આજે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં અતિભારે વરસાદની આગાહી છે.

ઉપરાંત, બનાસકાંઠા, મહેસાણા, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, અમરેલી અને ભાવનગરમાં પણ ભારે વરસાદ પડી શકે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન ખાતા)**

---

# GST INCOME

ગુજરાત રાજ્યને જૂન મહિનામાં વસ્તુ અને સેવા કર- **GST** હેઠળ છ હજાર 150 કરોડ રૂપિયાની આવક થઈ, જે જૂન 2024ની પાંચ હજાર 562 કરોડ રૂપિયાની આવક કરતાં 11 ટકા વધુ છે. સત્તાવાર યાદી મુજબ , રાજ્યને જૂન 2025માં વેલ્યુ એડેડ ટેક્સ – વેટ હેઠળ 2 હજાર 833 કરોડ રૂપિયા , વિદ્યુત શુલ્ક હેઠળ 876 કરોડ રૂપિયા અને વ્યવસાય વેરા હેઠળ 21 કરોડ રૂપિયાની આવક થઈ છે.

સાથે જ રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ નવ હજાર 880 કરોડ રૂપિયાની આવક થઈ. ઉપરાંત આ જૂનમાં મોબાઇલ સ્ક્વૉડ દ્વારા અન્વેષણની કામગીરી થકી 32 કરોડ 34 લાખ રૂપિયાની આવક થઈ છે, જે ગત વર્ષના સમાન માસ દરમિયાન થયેલી 21 કરોડ 46 લાખ રૂપિયા સામે 50.64 ટકા વધુ છે. આ આવક GST અમલીકરણ બાદ સૌથી ઊંચી માસિક આવક છે.

---

# CM LOKARPAN

ગાંધીનગરમાં આજે બપોરે ઈન હાઉસ રિયુઝેબલ ગ્લાસ વૉટર બૉટલિંગ પ્લાન્ટ અને બૉટલ રિયુઝ ઇકોસિસ્ટમનું લોકાર્પણ કરાશે. નવા સચિવાલય ખાતે યોજાનારા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહેશે.

---

# HANDBALL KUTCH

કચ્છમાં રમાઈ રહેલા રાષ્ટ્રીય સિનિયર મહિલા હૅન્ડબૉલ સ્પર્ધામાં ચાર કચ્છી ખેલાડીઓ રાજ્યની ટીમ વતી રમી રહ્યાં છે. રાજ્યમાં પહેલીવાર રમાતી આ સ્પર્ધાના વિવિધ રાઉન્ડની 38 મૅચમાં આઠ રાજ્યનું શાનદાર પ્રદર્શન રહ્યું. સ્પર્ધાના બીજા રાઉન્ડમાં પંજાબ , હિમાચલ, હરિયાણા, બિહાર, છતીસગઢ, મધ્યપ્રદેશ, દિલ્હી અને યજમાન ગુજરાતે આગેકૂચ કરી.

રાષ્ટ્રીય કોચ સી.પી. સિંઘે જણાવ્યું , સ્પર્ધાના નિરિક્ષકોએ ઉત્કૃષ્ટ મહિલા ખેલાડીઓને દેશની હૅન્ડબૉલ માટે પસંદ કરતા નામો તારવ્યા હતા. તેને હવે વિશિષ્ટ તાલીમ બાદ રાષ્ટ્રમંડળ રમત એટલે કે , કૉમનવેલ્થ અને ઑલિમ્પિક સ્પર્ધાઓની તૈયારીઓ કરાવાશે. રાજ્યની ટીમમાં કચ્છનાં મહિમા ડુડીયા , મહિમા પટેલ, સંગીતા વાઘજીયાણી અને રસીલા મેપાણીનો સમાવેશ થાય છે.

---

# FOOD SAFETY AND STANDARDS ACT

પંચમહાલ જિલ્લાના ગોધરા જિલ્લામાં આરોગ્ય સાથે ચેડાં કરતી પેઢીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે , કાર્યવાહીર દરમિયાન ચાર કેસમાં જવાબદાર તમામ પેઢીઓ અને દુકાનદારોને કુલ એક લાખ 70 હજાર રૂપિયાનો દંડ કરાયો.

---